BRAMPTON Service and Information Update

# સીટી ઓફ બ્રેમ્પટને પસંદ કરેલા મોટા પાર્ક્સમાંના વૉશરૂમ્સ આજે, જૂન 19 નાં રોજ ફરીથી ખુલ્લા મૂક્યા

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જૂન 19, 2020) – સીટી ઓફ બ્રેમ્પટનના રિઓપનીંગ અને રિકવરી પ્લાનના ભાગરૂપે, બ્રેમ્પટનમાં પસંદ કરેલા મોટા પાર્ક્સમાંના વૉશરૂમ્સ આજે, જૂન 19 થી ફરીથી ખુલ્લા મૂકવામાં આવ્યા છે.

આ શહેર સામુદાયિક આરોગ્ય અને સુરક્ષાને ગંભીરતાથી લે છે, અને આપણાં સમુદાયમાં ઉદ્યાનો ફરીથી ખુલ્યા હોવાને લીધે, અનુગામી પગલું તરીકે રહેવાસીઓ વૉશરૂમ્સ જેવી જરૂરી સુવિધા સુધી પહોંચ ધરાવતા હોવાની ખાતરી કરાવે છે.

નીચેના પાર્ક્સમાંના વૉશરૂમ્સ સોમવારથી શુક્રવાર બપોરે 4 થી રાત્રે 9 વાગ્યા સુધી, અને શનિવારે અને રવિવારે સવારે 9 થી રાત્રે 9 વાગ્યા સુધી, ખુલ્લા રહેશે:

- બૅટ્સમેન પાર્ક
- ચિંગકુસી પાર્ક
- ક્રેડિટવ્યૂ સેન્ડલવૂડ પાર્ક
- ઍલડોરાડો પાર્ક
- ગૅજ પાર્ક
- મૅક-કેન્ડલ્સ પાર્ક
- ટેરામોટો પાર્ક

વૉશરૂમ્સમાં એટેન્ડન્ટ્સ કર્મચારીઓ રહેશે જે ખાતરી કરશે કે વૉશરૂમ્સને અવારનવાર સાફ કરવામાં આવે છે, અને રહેવાસીઓને આરોગ્ય અને સુરક્ષા ઉપાયો અનુસરવા માટે પ્રોત્સાહિત કરવા સાઈન બોર્ડ્સ મૂકવામાં આવશે.

## COVID-19 સુરક્ષા ઉપાયો

આ શહેર રહેવાસીઓને પોતાના અંગત ડિસઈન્ફેક્ટન્ટ (ચેપનાશક પદાર્થ), જેમ કે હેન્ડ સેનેટાઈઝર કે વાઈપ્સ સાથે રાખવાનું, પોતાના હાથ વારંવાર ધોવાનું, પોતાની કોણીમાં ખાંસી કરવાનું કે છીંકવાનું અને નોન-મેડિકલ માસ્ક્સ પહેરવાનું પણ યાદ અપાવે છે. સીટી ઓફ બ્રેમ્પટન જોખમો પર દેખરેખ ચાલુ રાખવા પીલ પબ્લિક હેલ્થ અને બ્રેમ્પટન ઈમરજન્સી મેનેજમેન્ટ ઓફિસમાંના પોતાના ભાગીદારો સાથે ઘનિષ્ઠપણે કામ કરી રહ્યું છે. અદ્યતન માહિતી નિયમિત મેળવવા માટે વેબસાઈટ www.brampton.ca/covid19 જુઓ, અને કોઈપણ સમયે સીટી ઓફ બ્રેમ્પટન અને રીજીયન ઓફ પીલ સુધી પહોંચવા 311 નંબર પર કૉલ કરો.

-30-

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca